## અમદાવાદ શહેર અને જિલ્લામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ

*15/3/322 **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન કેટલા બાળકો રોગગ્રસ્ત જણાયા, | (૧) તા.૩૧/૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન નીચે મુજબના બાળકો રોગગ્રસ્ત જણાયા, |

| અ. નુ | જીલ્લાનું નામ | વર્ષવાર | |
|---|---|---|---|
| | | તા.૧/૮/૨૧ થી તા.૩૧/૭/૨૨ | તા.૧/૮/૨૨ થી તા.૩૧/૭/૨૩ |
| ૧ | અમદાવાદ | ૧૭,૯૪૧ | ૩૭,૭૦૬ |
| ૨ | અમદાવાદ કોર્પો | ૫૩,૩૭૬ | ૭૮,૫૯૦ |
| કુલ | | ૭૧,૩૧૭ | ૧,૧૬,૨૯૬ |

| | | |
|---|---|---|
| (૨) | આ બાળકોને મુખ્યત્વે કયા રોગો હતા,અને | (૨) આ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ,આંત્રકૃમિ,દાંતની તકલીફ,આંખની તકલીફ,કાન,નાક,ગળાની તકલીફ,પેટની તકલીફ,ચામડી,હ્રદય,કીડ અને કેન્સરના રોગ હતા |
| (3) | આ બાળકોના રોગની સારવાર માટે સરકારે શી વ્યવસ્થા કરી ? | (3) ઉક્ત બાળકોના રોગની સારવાર બાબતે સરકારે નીચે મુજબની વ્યવસ્થા કરી, |

(૧) સ્થળ પર સારવાર આપવામાં આવી.

(૨) વધુ બિમારીવાળા બાળકને સામુહિક આરોગ્ય કેન્દ્ર/જિલ્લા હોસ્પીટલ ખાતે સંદર્ભ સેવાઓ પુરી પાડવામાં આવી.

(3) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે વિના મુલ્યે સારવાર આપવામાં આવી.

- હ્રદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર,અમદાવાદ

- કીડનીની બિમારીવાળા બાળકોને ઇન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર,અમદાવાદ.
- કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પીટલ,અમદાવાદ.

-----------